# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-07-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું છે કે 2047 સુધીમાં ભારતનો વિકસિત રાષ્ટ્ર બનવાનો સંકલ્પ વૈશ્વિક ચર્ચાઓનું કેન્દ્ર છે

2) સોમવારથી શરૂ થઈ રહેલા સંસદના ચોમાસુ સત્ર પહેલા સરકારે આવતીકાલે સર્વપક્ષીય બેઠક બોલાવી

3) છત્તીસગઢના નારાયણપુર જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં છ માઓવાદીઓ માર્યા ગયા.

4) બિહારના પટનામાં આજથી પ્રથમ ભારતીય ઓપન એથ્લેટિક્સ મીટનો આરંભ થશે

5) ભારતીય મહિલા કુસ્તીબાજોએ બુડાપેસ્ટમાં બે સુવર્ણ, એક રજત અને એક કાંસ્ય સહિત ચાર ચંદ્રકો જીત્યા

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-DEVELOPED NATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું છે કે 2047 સુધીમાં ભારતનો વિકસિત રાષ્ટ્ર બનવાનો સંકલ્પ વૈશ્વિક ચર્ચાઓનું કેન્દ્ર છે, જે માળખાગત સુવિધાઓમાં મોટા પાયે પરિવર્તનને કારણે છે. શ્રી મોદીએ ગઈકાલે પશ્ચિમ બંગાળના દુર્ગાપુરમાં 5 હજાર 400 કરોડ રૂપિયાથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. આ પ્રદેશના માળખાગત સુવિધાઓને મજબૂત બનાવવા અને આર્થિક વિકાસ તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

શ્રી મોદીએ ભારતમાં થઈ રહેલા પરિવર્તનશીલ ફેરફારો વિકસિત ભારતનો પાયો નાખી રહ્યા હોવાનું જણાવ્યું હતું છે. આ ફેરફારોનું એક મુખ્ય પાસું સામાજિક, ભૌતિક અને ડિજિટલ ક્ષેત્રો સહિત માળખાગત સુવિધાઓ છે. શ્રી મોદીએ છેલ્લા દાયકામાં સરકારની સિદ્ધિઓનો ઉલ્લેખ કર્યો હતો.

પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારતના કારખાનાઓ અથવા ખેતીમાં દરેક પ્રયાસ 2047 સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પથી પ્રેરિત છે. શ્રી મોદીએ સરકારના આગળના માર્ગની રૂપરેખા આપી, જેમાં વિકાસ દ્વારા સશક્તિકરણ, રોજગાર દ્વારા આત્મનિર્ભરતા અને જવાબદારી દ્વારા સુશાસનનો સમાવેશ થાય છે.

## (BYTE- PM- વિકસિત રાષ્ટ્ર)

આ અગાઉ પ્રધાનમંત્રીએ બિહારના મોતીહારીમાં 7 હજાર 200 કરોડથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો.

# GOVT-ALL PARTY MEETING

સોમવારથી શરૂ થઈ રહેલા સંસદના ચોમાસુ સત્ર પહેલા સરકારે આવતીકાલે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. આ બેઠક દરમિયાન, સરકાર સંસદના બંને ગૃહોમાં સુચારુ કામગીરી સુનિશ્ચિત કરવા માટે તમામ રાજકીય પક્ષોનો સહકાર માંગશે. ચોમાસુ સત્ર 21 જુલાઈથી 21 ઓગસ્ટ સુધી ચાલશે. જે દરમિયાન ઘણા મહત્વપૂર્ણ વિધેયકો પર ચર્ચા થશે અને પસાર થવાની અપેક્ષા છે.

# VAISHNAW-HYDERABAD

ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે દેશની પ્રથમ સ્વદેશી સેમિકન્ડક્ટર ચિપ આ વર્ષે તૈયાર થઈ જશે.

ગઈકાલે હૈદરાબાદમાં કેશવ સ્મારક શિક્ષા સમિતિના 85મા સ્થાપના દિવસ સમારોહમાં બોલતા, શ્રી વૈષ્ણવે કહ્યું કે ભારત વિશ્વના સૌથી મહત્વપૂર્ણ સેમિકન્ડક્ટર ઉત્પાદક દેશોમાંનો એક બનવા જઈ રહ્યું છે. તેમણે કહ્યું કે સરકારે પહેલાથી જ છ સેમિકન્ડક્ટર પ્લાન્ટને મંજૂરી આપી દીધી છે જેથી આ વર્ષે દેશમાં પ્રથમ ભારતમાં બનેલી ચિપ તૈયાર થશે.

શ્રી વૈષ્ણવે કહ્યું કે ભારત આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ મિશન હેઠળ, મફત ડેટાસેટ્સ અને અન્ય સામગ્રી અપલોડ કરવામાં આવી રહી છે અને લગભગ 10 લાખ લોકોને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની તાલીમ આપવામાં આવી રહી છે.

(BYTE: ASHWINI-VAISHNAV)

આ પ્રસંગે કેન્દ્રીય કોલસા અને ખાણ મંત્રી જી કિશન રેડ્ડીએ જણાવ્યું હતું કે દેશના શૈક્ષણિક ધોરણોમાં ઝડપી સુધારાને કારણે વિદેશી વિદ્યાર્થીઓ ટૂંક સમયમાં ભારત આવશે.

## MEA-EU SANCTIONS

વિદેશ મંત્રાલયે કહ્યું છે કે ભારત કોઈપણ એકપક્ષીય પ્રતિબંધોને સમર્થન આપતું નથી. મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે યુરોપિયન સંઘ દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધો અંગે મીડિયાના પ્રશ્નોના જવાબમાં કહ્યું કે ભારત એક જવાબદાર દેશ છે અને તેની કાનૂની જવાબદારીઓ પ્રત્યે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

તેમણે કહ્યું કે ભારત તેના નાગરિકોની મૂળભૂત જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ઊર્જા સુરક્ષાની જોગવાઈને સર્વોપરી માને છે. શ્રી જયસ્વાલે ભાર મૂક્યો હતો કે ખાસ કરીને ઊર્જા વેપારના કિસ્સામાં બેવડા ધોરણો ન હોવા જોઈએ.

## CHHATTISGARH-ENCOUNTER

છત્તીસગઢના નારાયણપુર જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં છ માઓવાદીઓ માર્યા ગયા છે.

**રાજ્યના બસ્તર રેન્જના પોલીસ મહાનિરીક્ષક પી. સુંદરરાજે જણાવ્યું હતું કે ગુપ્ત માહિતીના આધારે સુરક્ષા દળોની સંયુક્ત ટીમોએ માઓવાદી વિરોધી કાર્યવાહી શરૂ કરી ત્યારે ગઈકાલે બપોરે અબુઝહમાડ વિસ્તારના જંગલોમાં અથડામણ શરૂ થઈ હતી.**

**એન્કાઉન્ટર સ્થળેથી 6 નક્સલીઓના મૃતદેહ મળી આવ્યા છે. સુરક્ષા કર્મચારીઓએ AK-47 અને ઓટોમેટિક રાઈફલ્સ સહિત મોટી માત્રામાં હથિયારો પણ કબજે કર્યા છે. એન્કાઉન્ટર સ્થળ અને આસપાસના વિસ્તારોમાં સુરક્ષા દળોનું સઘન શોધ અભિયાન ચાલી રહ્યું છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# BIHAR-ATHLETICS MEET

બિહારના પટના સ્થિત પાટલીપુત્ર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે આજથી પ્રથમ ભારતીય ઓપન એથ્લેટિક્સ મીટ શરૂ થઈ રહી છે.

બિહાર રાજ્ય રમત ગમત સત્તામંડળના મહાનિદેશક રવિન્દ્રન શંકરને જણાવ્યું છે કે દેશભરમાંથી 400 થી વધુ ખેલાડીઓ આ સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છે. એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં લાંબા અને મધ્યમ અંતરની દોડ, સ્પ્રિન્ટ્સ, રિલે રેસ, સ્ટીપલચેઝ, લાંબી કૂદ, ઊંચી કૂદ, ટ્રિપલ જમ્પ, પોલ વોલ્ટ, ગોળા ફેંક, ચક્ર ફેંક, હથોડા ફેંક અને ભાલા ફેંક, ડેકાથલોન, હેપ્ટાથલોન, મેરેથોન અને હાફ મેરેથોન સહિત વિવિધ સ્પર્ધાનો સમાવેશ થશે.

એથ્લેટિક્સ મીટનું આયોજન એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા બિહાર સ્ટેટ સ્પોર્ટ્સ ઓથોરિટીના સહયોગથી કરવામાં આવી રહ્યું છે.

# MEA-INDIAN FISHERMEN

બાંગ્લાદેશી અધિકારીઓએ તાજેતરમાં મોંગલા નજીક 34 ભારતીય માછીમારોની તેમની બોટ સાથે તેમના જળ વિસ્તારમાં માછીમારી કરવા બદલ ધરપકડ કરી હતી.

વિદેશ મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે આ ઘટનાની માહિતી મળતાં જ, બાંગ્લાદેશમાં ભારતીય ઉચ્ચાયોગે બાંગ્લાદેશી અધિકારીઓ સમક્ષ આ મામલો ઉઠાવ્યો હતો અને તાત્કાલિક કોન્સ્યુલર એક્સેસની માંગ કરી હતી. સૂત્રોએ

જણાવ્યું હતું કે તમામ માછીમારો અને તેમની બોટ સુરક્ષિત અને વહેલા પરત આવે તે સુનિશ્ચિત કરવા માટે આ મામલા પર સતત નજર રાખવામાં આવી રહી છે.

# WRESTLING

ભારતીય મહિલા કુસ્તીબાજોએ હંગેરીના બુડાપેસ્ટમાં પોલાક ઇમરે અને વર્ગા જાનોસ મેમોરિયલ ટુર્નામેન્ટમાં બે સુવર્ણ, એક રજત અને એક કાંસ્ય સહિત ચાર ચંદ્રકો જીત્યા છે. અંતિમ પંઘાલે 53 કિલોગ્રામ વજન ગ્રુપની ફાઇનલમાં રશિયાની નતાલિયા માલિશેવાને 7-4થી હરાવીને સુવર્ણ ચંદ્રક જીત્યો. મે મહિનામાં ઉલાનબટાર ઓપનમાં જીત મેળવ્યા બાદ આ વર્ષે આ તેનો બીજો આંતરરાષ્ટ્રીય સુવર્ણચંદ્રક છે.

હર્ષિતાએ 72 કિલોગ્રામ વજનગ્રુપમાં ભારત માટે બીજો સુવર્ણ ચંદ્રક જીત્યો. તેણે ફાઇનલ રાઉન્ડમાં ચાર વખતની એશિયન ચેમ્પિયન કઝાકિસ્તાનની ઝામિલા બાકબર્ગેનોવાને 10-0થી હરાવી.

દરમિયાન નેહા સાંગવાનને 57 કિલોગ્રામ વજનગ્રુપની ફાઇનલમાં અમેરિકાની ભૂતપૂર્વ ઓલિમ્પિક ચેમ્પિયન હેલેન મારોલિસ સામે હાર્યા બાદ રજત ચંદ્રકથી સંતોષ માનવો પડ્યો. 50 કિલોગ્રામ વજનગ્રુપમાં નીલમે બેલારુસિયન કુસ્તીબાજ ઝેનિયા સ્ટેન્કેવિચને હરાવીને કાંસ્ય ચંદ્રક જીત્યો.

જોકે, જયદીપ પુરુષોની 74 કિલોગ્રામ વજનગ્રુપમાં ક્વાર્ટર ફાઇનલથી આગળ વધવામાં નિષ્ફળ રહ્યો. ગઈકાલના ચંદ્રકોની સાથે બુડાપેસ્ટ મીટમાં ભારતે કુલ છ ચંદ્રકો જીત્યા છે. સ્પર્ધાના પહેલા દિવસે ભારતે બે ચંદ્રકો જીત્યા

હતા જેમાં સુજીત કલકલે 65 કિલોગ્રામ પુરુષોની ફ્રીસ્ટાઈલમાં સુવર્ણ જ્યારે રાહુલે 57 કિલોગ્રામ વર્ગમાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

બુડાપેસ્ટમાં પોલાક ઇમ્રે અને વર્ગા જાનોસ મેમોરિયલ વર્ષની ચોથી અને છેલ્લી રેસલિંગ રેન્કિંગ શ્રેણી છે.

# IMD-WEATHER

હવામાન વિભાગે આવતીકાલ સુધી કેરળમાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જારી કર્યું છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ, આસામ, તમિલનાડુ અને કર્ણાટકના કેટલાક ભાગોમાં પણ આજે મુશળધાર વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, પંજાબ અને હરિયાણામાં 24 જુલાઈ સુધી અલગ અલગ સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે. આગામી 7 દિવસ સુધી ઉત્તરપૂર્વ ભારતમાં ઘણી જગ્યાએ ગાજવીજ અને વીજળી સાથે મધ્યમ વરસાદ ચાલુ રહેશે.

દરમિયાન વિભાગે આગામી પાંચ દિવસ સુધી રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર-દિલ્હીમાં વાદળછાયું વાતાવરણ અને ગાજવીજ અને વીજળી સાથે હળવો વરસાદ થવાની આગાહી કરી છે.

## <u>અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર</u>

1) દૈનિક સમાચાર પત્રો એ આજે TRF સંગઠનને આતંકી જૂથ જાહેર કરવાના સમાચારને પ્રથમ સ્થાને સ્થાન આપ્યું છે

2) ફૂલછાબ લખે છે , પહેલગામ ઇફેક્ટ : TRF ને આતંકી જૂથ જાહેર કરતું US

3) અમેરિકાએ TRF ને આતંકી સંગઠન જાહેર કર્યું ને સંદેશે અને નવ ગુજરાત સમયે આ જ સમાચારની હેડલાઇન બનાવી છે

4) ટાઇમ્સ ઓફ ઈન્ડિયા અને ધ ઇંડિયન એક્સ્પ્રેસે સમાચાર પહેલગામ એટેક આઉટ ફિટ ટીઆરએફ પ્લેસ્ડ ઓન US ટેરર લિસ્ટ, બુસ્ટ ઈન્ડિયા એફોર્ટ્સ- મુખ્ય પેજ પર બૉક્સમાં છાપયા છે

5) નવ ગુજરાત સમયે યુરોપીયન યુનિયનના રશિયા પર નવા પ્રતિબંધ, ગુજરાતની વાડીનાર રિફાઇનરી પર ઝપટમાં ના સમાચાર ને બોક્સમાં છાપ્યા છે-

6) રાજસ્થાન પત્રિકાએ ભારત બનાયેગા નયા ફાઇટર જેટને હેડલાઇન બનાવી છે